INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

=====================================================================

## અખબારી યાદી તા. ૨૩-૦૧-૨૦૨૨

'ચલો દિલ્હી', 'જય હિંદ' અને 'તુમ મુઝે ખુન દો, મૈ તુમ્હે આઝાદી દૂંગા'. જેવા જુસ્સાપ્રેરક દેશભક્તિના નારા આપનારા સુભાષચંદ્ર બોઝ ૧૯૩૮-૩૯ દરમ્યાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ હતા. મહાન નેતાજી સુભાષચંદ્ર બોઝને આજના તેમની જન્મ જયંતિ પ્રસંગે સવારે ૧૦-૩૦ કલાકે સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને વરિષ્ઠ આગેવાનોએ પુષ્પાંજલી કર્યા બાદ રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરના ૧૬ વિધાનસભા ક્ષેત્રમાં ટેબ્લો અને કોંગ્રેસના ધ્વજ સાથે યુવક કોંગ્રેસની બાઈક રેલીએ સમગ્ર વિસ્તારમાં ઉત્સાહ સાથે રાષ્ટ્રભક્તિનો સંદેશ આપ્યો હતો.

સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ વાર્તાલાપમાં જાણીતા કટાર લેખક, રાજકીય વિશ્લેષકશ્રી મણીભાઈ પટેલ અને સરદાર વલ્લભભાઈ પટેલ આર્ટસ કોલેજના આચાર્જ ડૉ. જગદીશભાઈ ચૌધરીએ "સુભાષચંદ્ર બોઝનું યોગદાન" અને "આઝાદીની ચળવળ" પર મનનીય વક્તવ્ય આપ્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરએ જણાવ્યું હતું કે, આપણાં સૌના ગૌરવરૂપ, ભારત માતાના સપૂત સુભાષચંદ્ર બોઝ આપણાં ગુજરાતના હરિપુરા ખાતે યોજાયેલ કોંગ્રેસ અધિવેશનમાં ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસના અધ્યક્ષ બન્યા હતા. માત્ર ૪૦ વર્ષની સૌથી નાની વયે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ બનનાર ભારત માતાના સપૂત સુભાષચંદ્ર દેશમાં સૌ પ્રથમ હતા. એકલા હાથે જેમણે બ્રિટિશરોને પડકાર્યા અને દુનિયાભરમાં ફેલાયેલા ભારતીય મૂળના સૈનિકોને એકત્રિત કરીને બીજા વિશ્વયુદ્ધને સમાંતર ભારતીય આઝાદીની લડત આરંભી કોંગ્રેસ પક્ષમાં વીરતાના મશાલચી નેતાજી છે. પોતાની સર્વોત્કૃષ્ઠ બુદ્ધિમત્તા રાષ્ટ્રને સમર્પિત કરીને કરોડો યુવાનોના રાહબર નેતાજીનું સ્મરણ આજે પણ આપણા હૃદયને રાષ્ટ્રપ્રેમથી છલકાવે છે.ભારતને આઝાદી અપાવવા "આઝાદ હિંદ" ફૌજની સ્થાપના કરનાર સુભાષચંદ્ર બોઝે જ પૂજ્ય બાપુને 'રાષ્ટ્રપિતા' નું બિરૂદ આપ્યું હતું. લંડન જઈને આઈસીએસ (અત્યારની આઈએએસ) પરીક્ષામાં સફળતાપૂર્વક ઉત્તીર્ણ બનીને, દેશભક્તિ માટે નિમણૂંક મળવાના બે માસ પૂર્વે જે નિમણૂંકનો અસ્વીકાર કરનાર એકમાત્ર સુભાષબાબુ પહેલા અને છેલ્લા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ શત શત નમન કરે છે.

સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતી નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે વ્યાખ્યાનમાં રાજ્યસભાના સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક, એ.આઈ.સી.સી.ની સોશ્યલ મીડીયાના અધ્યક્ષશ્રી રોહન ગુપ્તા, કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન ડૉ. જીતુભાઈ પટેલ, ડૉ. વિજય દવે, ડૉ. મનિષ દોશી, શ્રી બિમલ શાહ, શ્રી ખુરશીદ સૈયદ, ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખશ્રી વિશ્વનાથસિંહ વાઘેલા, શહેર યુવક કોંગ્રેસના પ્રમુખશ્રી વિશાલ ગુજ્જર, એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય સંયોજકશ્રી ભાવિક સોલંકી, અમદાવાદ શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી હેતાબેન પરીખ, સેવાદળના શ્રી મંગલસિંહ સોલંકી, શ્રી નરેશભાઈ રવાણી (સોનુ), હેલ્થ એન્ડ હોસ્પિટલ કમીટીના ચેરમેનશ્રી ભીખુભાઈ દવે સહિત શહેરના આગેવાનો, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ., યુવક કોંગ્રેસના પદાધિકારીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુભાષચંદ્ર બોઝના અપ્રતિમ યોગદાનને ગૌરવભેર યાદ કર્યું હતું. વ્યાખ્યાન કાર્યક્રમનું સંચાલન અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના ઈન્ચાર્જ પ્રમુખશ્રી ચેતનભાઈ રાવલે કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત વંદેમાતરમ્ ગાન સાથે થઈ હતી અને રાષ્ટ્રગીત ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

( ડૉ. મનિષ એમ. દોશી )

મુખ્ય પ્રવક્તા